**સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃપગર-૧૦૨૦૧૨-૪૩૫૩૮૭-મ
સચિવાલય, ગાંધીનગર
તા.૩/૧૦/૨૦૧૨

વંચાણે લીધાઃ-

૧. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૮/૧૯૯૪.
૨. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૯૮/૪૧/મ, તા.૧૪/૮/૧૯૯૮.
૩. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૧૨૦૦૨/૭૫/મ, તા.૧/૫/૨૦૦૨.
૪. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૧૨૦૦૪/૮૨/મ, તા.૧/૪/૨૦૦૪.
૫. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૦૪/૮૩/મ, તા.૫/૪/૨૦૦૪.
૬. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૦૫/૯૦/મ, તા.૩૧/૩/૨૦૦૫.
૭. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃખતપ/૧૦૦૪/૧૪૭૩/ક, તા.૧૭/૨/૨૦૦૬
૮. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨, તા.૨૩/૫/૨૦૦૬.
૯. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭.
૧૦. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૧૨૦૦૭/૧૧૩/મ, તા.૧૪/૯/૨૦૦૭.
૧૧. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૦૯/૫૬-પ.એ.(મ), તા.૧૮/૨/૨૦૧૧.

આમુખઃ-

સરકારી કર્મચારીઓ માટે બઢતીનો અભાવ/મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા માટે નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭થી ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલ છે. આ યોજના અનુસાર, પ્રથમ અને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ માટે વિચારણા કરતી વખતે, માન્ય પધ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય અને પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ, એક જ પગાર

ધોરણમાં કરેલી સેવા ઉચ્ચતર પગાર ધોરણ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવાની રહે છે. પરંતુ બઢતીના જે સંવર્ગનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ હોય તે જ સંવર્ગમાં બઢતી મળવાને બદલે વિશેષ શૈક્ષણિક લાયકાતને કારણે ખરેખર બઢતી અન્ય સંવર્ગમાં મળી હોય તેવા કેસમાં મળેલ બઢતીના સંવર્ગમાં ૧૫ વર્ષ કરતાં વધુ સેવા થઇ હોવા છતાં, આવા કેસમાં, તા.૨.૭.૨૦૦૭ના ઠરાવમાં દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ માટે ૧૫ વર્ષની ગણતરી કઇ રીતે કરવી તે બાબતે પર્યાપ્ત જોગવાઈ નહીં હોવાને કારણે સમગ્ર સેવા દરમ્યાન દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મળે નહીં તેવી પરિસ્થિતિ ઉભી થાય છે, આવી પરિસ્થિતિ નિવારવા રાજ્ય સરકાર દ્વારા સહાનુભૂતિ પૂર્વક વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

કર્મચારીને સેવામાં મળેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ અને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખ વચ્ચેના સમયગાળા દરમ્યાન જે સંવર્ગનુ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ હોય તે જ સંવર્ગમાં બઢતી મળવાને બદલે વિશેષ શૈક્ષણિક લાયકાતને કારણે અન્ય સંવર્ગમાં બઢતી મળી હોય અને તેને કારણે કર્મચારીને સમગ્ર સેવા દરમ્યાન દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતું ન હોય તેવા સંજોગોમાં, બઢતીની તારીખથી ૧૫ વર્ષની સેવા પૂરી થયેથી, બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ હોવાની શરતે તથા ઉચ્ચતર પગાર ધોરણની અન્ય તમામ શરતો સંતોષાતી હોવાની શરતે દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની વિચારણા કરવાની થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.ડી.સેઈલર)
નાયબસચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

o- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
o- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
o- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
o- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
o- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
o- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
( ખાતાના વડાઓ/કચેરીના વડાઓ ને પરિપત્રિત કરવાની વિનંતી સાથે )
o - એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
o - એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવદ
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સર્વ માન્ય કર્મચારી મંડળો,
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.
- સીલેકટ ફાઈલ- મ શાખા

--------------------

o પત્ર દ્વારા